
# આર્થિક મંદીથી પ્રધાનમંત્રી ચિંતિત

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન મનમોહનસિંહે આજે આર્થિક વિકાસ પરિષદની બેઠકમાં દેશની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે મંદીમાંથી બહાર નીકળવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. તેમને એમ પણ કહ્યું હતું કે આર્થિક મંદીના પરિણામ સ્વરૂપે વિકાસના દરમાં ઘટાડો નોંધાયો છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં આઠ ટકા વિકાસદરના લક્ષ્યને હાંસલ કરવાની બાબત ચોક્કસપણે પડકારરૂપ છે પરંતુ આ વિકાસદરને હાંસલ કરવામાં આવશે. વડાપ્રધાને ઉમેર્યું હતું કે વીજળી પ્રોજેક્ટોને વહેલી તકે મંજૂરી મળવી જોઈએ. કૃષી ક્ષેત્રમાં અમારુ યોગદાન અગાઉ કરતા વધુ સારુ રહ્યું છે. ગરીબીમાં પણ ઘટાડો થયો છે. તેમને એમ પણ કહ્યું હતું કે મહિલાઓને પીડામાંથી બચાવવાની અમારી પ્રાથમિક જવાબદારી છે. જસ્ટિસ વર્માના નેતૃત્વમાં એક કમીટિની રચના કરવામાં આવી છે જે આ બાબતની સમીક્ષા કરશે કે મહિલાઓના હિતોનું રક્ષણ કરવા માટે કયા પ્રકારના કાયદા બનાવવામાં આવે. કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ મામલામાં વધુ ધ્યાન આપવાની જરૂર હોવાની વાત પણ સિંહે કરી હતી. નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સીલ (એનડીસી)ની બેઠકને સંબોધતા સિંહે કહ્યું હતું કે




આયોજન પંચે ૧૨મી પંચવર્ષીય યોજના માટે સરેરાશ વાર્ષિક વિકાસદર ૮.૨ ટકાથી ઘટાડી ૮ ટકા કરી દીધો છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં એકંદરે વિકાસદર આઠ ટકા રહેવાની જરૂર છે. તેમના ઉદ્‌ઘાટન સંબોધનમાં સિંહે કહ્યું હતું કે વર્તમાન આર્થિક સ્થિતિ મુશ્કેલરૂપ છે. સરકારની પ્રાથમિકતા આર્થિક મંદીમાંથી બહાર નીકળવાની છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં એનડીસી દ્વારા એપ્રોચ પેપરોને મંજૂરી આપવામાં આવ્યા બાદથી વૈશ્વિક અને આર્થિક અર્થતંત્રમાં ઘણા ફેરફાર થયા છે. બીજી વખત આયોજનપંચે ૧૨મી પંચવર્ષીય યોજનામાં વિકાસદરનો અંદાજ ઘટાડી દીધો છે. એપ્રોચ પેપરમાં પહેલા વિકાસદરનો અંદાજ નવ ટકા રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ આને ઘટાડીને સપ્ટેમ્બર ૨૦૧૨માં ૮.૨ ટકા કરાયો હતો. ૧૧મી પંચવર્ષીય યોજનામાં સરેરાશ વાર્ષિક વિકાસદર ૭.૯ ટકા હતો. આયોજનપંચના આંકડા મુજબ બિહાર વર્ષ ૨૦૦૧-૦૫ના ગાળા દરમિયાન સૌથી ધીમી ગતિએ આગળ વધનાર રાજ્ય હતુ અને જીડીપીનો આંકડો ૨.૯ ટકા હતો. જો કે ૨૦૦૬-૨૦૧૦ વચ્ચે તેનો આંકડો ૧૦.૯ ટકા થયો છે અને દેશમાં સૌથી ઝડપથી વિકાસ કરનાર રાજ્ય બન્યું છે. બિહાર માંદા રાજ્યોની પ્રતિષ્ઠામાંથી બહાર નીકળ્યું છે. બીજી બાજુ ગુજરાત ૨૦૦૧-૦૫ વચ્ચે સૌથી ઝડપથી ઊભરી રહેલું રાજ્ય હતું અને તેનો આંકડો ૧૧ ટકા હતો પરંતુ ૨૦૦૬-૧૦ના ગાળા દરમિયા ગ્રોથ ઘટીને ૯.૩ ટકા થયો છે. બિહાર અને અન્ય ચાર રાજ્યો છત્તીસગઢ, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઓરિસ્સા તેનાથી આગળ રહ્યા છે. રસપ્રદ બાબત એ છે કે ગુજરાત ૧૭ સૌથી ઝડપથી વિકસીત થઈ રહેલા રાજ્ય પૈકી એક છે જ્યાં ગ્રોથમાં ઘટાડો થયો છે. ગરીબીમાં ૨૦૦૪ બાદથી સૌથી ઝડપથી ઘટાડો થયો છે. દર વર્ષે બે ટકાનો ઘટાડો નોંધાયો છે. ટોચના પાંચ રાજ્યોનો સરેરાશ જીડીપી ગ્રોથ ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૯.૧૦ ટકા હતો જે ૧૦મી યોજનામાં ૭ ટકા હતો અને નવમી યોજનામાં ૫ ટકા હતો.

## બિહારને ખાસ દરજ્જો આપવા નીતિશની માંગ

નવી દિલ્હી,તા. ૨૭

બિહારને સ્પેશિયલ કેટેગરીનો દરજ્જો આપવાની માંગ આયોજન પંચ દ્વારા ફગાવી દેવામાં આવી હોવા છતાં મુખ્યમંત્રી નીતિશકુમાર આજે આક્રમક મૂડમાં દેખાયા હતા અને આના માટે ફરીવાર રજુઆત કરી હતી. નીતિશકુમારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રના આંતર પ્રધાન સ્તરના ગ્રુપ (આઈએમજી) દ્વારા ગંભીરતા સાથે આ મુદ્દા પર વિચારણા કરવામાં આવી નથી.

વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની બેઠકને સંબોધતા કુમારે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકારની યોજનાઓમાં તેની હિસ્સેદારી તરીકે સ્કીમ ખર્ચ પૈકી ૯૦ ટકા હિસ્સો ઉપલબ્ધ કરાવવો જોઈએ. સાથે સાથે રાજ્યો દ્વારા નક્કી કરવામાં આવેલા લઘુતમ વેતનની સાથે નરેગા હેઠળ પગાર નક્કી કરવો જોઈએ. રાજ્યને ખાસ દરજ્જાની માંગના મુદ્દે નીતિશકુમારે કહ્યુ હતુ કે વડાપ્રધાન દ્વારા રચવામાં આવેલા આઈએમજી દ્વારા આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લીધો નથી. કુમારે આ મામલામાં ચકાસણી કરવા એક નિષ્ણાંત ગ્રુપની રચના કરવાની માંગ કરી હતી સાથે સાથે બિહારની વિકાસ પ્રવૃત્તિઓને વેગ આપવા વિશેષ પગલાની રજુઆત કરી હતી. બિહારના મુખ્યમંત્રી વડાપ્રધાનને થોડાક દિવસ પહેલા જ મળ્યા હતા અને ખાસ દરજ્જાની માંગ શા માટે કરવામાં આવી છે તે અંગે માહિતી આપી હતી.

## ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧૦નો વધારો કરવામાં આવી શકે છે

નવી દિલ્હી,તા. ૨૭

ડિઝલ અને કેરોસિનની કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે.મળેલી માહિતી મુજબ ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧૦નો વધારો કરવામાં આવી શકે છે જ્યારે કેરોસિનની કિંમતમાં પણ આગામી બે વર્ષના ગાળામાં જંગી વધારો કરવામાં આવી શકે છે. ઓઈલ મંત્રાલયમાં ચાલી રહેલી દરખાસ્તને જો સ્વીકારી લેવામાં આવશે તો ડિઝલ અને કેરોસિનની કિંમતમાં લિટરદીઠ જંગી વધારો કરવામાં આવશે. ભાવ વધારા અંગે વિચારણા કરવામાં આવી રહી છે કારણ કે સરકાર ડિઝલ, રાંધણગેસ અને કેરોસિન ઉત્પાદન ખર્ચ કરતા ઓછી કિંમતે વેચવાના કારણે ૧૬૦૦૦૦ કરોડના નુકસાનને પહોંચી વળવા નવા વિકલ્પ શોધી રહી છે. ડિઝલની કિંમત હાલમાં દિલ્હીમાં




લિટરદીઠ ૪૭.૧૫ છે. ડિઝલની કિંમત છેલ્લે ૧૪મી સપ્ટેમ્બરના દિવસે સુધારવામાં આવી હતી. તે વખતે કિંમતમાં લિટરદીઠ ૫.૬૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો જો કે ગયા વર્ષે જૂન બાદથી કેરોસિનની કિંમતમાં વધારો કરવામાં આવ્યો નથી.

ઓઈલ મંત્રાલયના સૂત્રોએ કહ્યુ છે કે અમારી પાસે હવે વધારે વિકલ્પ રહ્યા નથી. કિંમતોમાં વધારો કરવા સિવાય ખૂબ ઓછા વિકલ્પો છે. સરકાર ખર્ચની સ્થિતિએ પહોંચવા છુટક કિંમતોમાં આગામી ૧૦ મહિના સુધી દર મહિને લિટરદીઠ રૂપિયા એકનો વધારો કરવા વિચારણા ચાલી રહી છે. ઓઈલ કંપનીઓ હાલમાં ડિઝલ લિટરદીઠ ૯.૨૮ના નુકસાન વેચે છે. આગામી ૧૦ મહિનામાં જો વધારો કરવામાં આવે તો નુકસાનના તમામ આંકડાને દૂર કરી શકાય છે અને સરકારને રાહત પણ થઈ શકે છે. કેરોસિનની કિંમતમાં બે વર્ષના ગાળામાં રૂપિયા ૧૦ સુધીનો વધારો કરવામાં આવી શકે છે. ગરીબ લોકો દ્વારા ઈંધણ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. એલપીજી અને કુદરતી ગેસના ઉપયોગને પ્રોત્સાહન આપવા હેતુસર આ વધારો કરવા વિચારી રહી છે. સરકાર ટૂંક સમયમાં સબસિડી વાળા એલપીજી ગેસની સંખ્યા છથી વધારીને નવ કરવનો નિર્ણય કરી શકે છે.

## પશ્ચિમ બંગાળના દેવા માટે કેન્દ્ર જવાબદાર

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્ર સરકાર પર તેજાબી પ્રહારો કરતા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળ પર હાલ થઈ ગયેલા દેવા માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે. બે લાખ કરોડ રૂપિયાનું દેવું પશ્ચિમ બંગાળ પર થઈ ગયુ છે. મમતા બેનર્જીએ કહ્યુ હતુ કે હવે ધીરજ ખૂટી રહી છે. નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં પોતાના સંબોધનમાં બેનર્જીએ ચેતવણી આપી હતી કે અમે એક વર્ષથી રાહ જોઈ રહ્યા છીએ પરંતુ આમારા લોકોની ધીરજ ખૂટી રહી છે. મમતાએ કહ્યુ હતુ કે યુપીએ-એક અને યુપીએ-બે સરકારે વ્યાપક લૂંટ ચલાવવા અગાઉની ડાબેરી સરકારને તક આપી હતી જેના પરિણામ સ્વરૂપે મોટાપાયે રાજ્યસરકાર પર દેવું થઈ ગયુ છે.

## રતન તાતા આજે નિવૃત્ત થશે

નવી દિલ્હી,તા. ૨૭

પરંપરાગત કોર્પોરેટ હાઉસમાંથી તાતા ગ્રુપને એક મહાકાય કંપની બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર રતન તાતા આવતીકાલે નિવૃત્ત થઈ રહ્યા છે. ભારતના સૌથી જૂના બિઝનેસ સામ્રાજ્ય પૈકીના એકમાં ૫૦ વર્ષ સુધી રહ્યા બાદ રતન તાતા આવતીકાલે નિવૃત્ત થઈ રહ્યા છે. જનરેશન ચેન્જના ભાગરૂપે તાતા આવતીકાલે નિવૃત્ત થઈ રહ્યા છે. આવતીકાલે રતન તાતા ૭૫ વર્ષના થઈ રહ્યા છે. રતન તાતા આ મહાકાય ગ્રુપની જવાબદારી ૪૪ વર્ષના સાયરસ મિસ્ત્રી પર છોડી રહ્યા છે. મિસ્ત્રી આવતીકાલથી મહાકાય તાતા ગ્રુપમાં મુખ્ય જવાબદારી સંભાળી લેશે. મિસ્ત્રીની ગયા વર્ષે રતન તાતાના અનુગામી તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ મહિનાની શરૂઆતમાં વિધિવતરીતે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. તાતાએ ચેરમેન તરીકે ૨૧ વર્ષ સુધી રહીને અભૂતપૂર્વ સફળતા તાતા ગ્રુપને અપાવી હતી.

ચેરમેન તરીકે ૨૧ વર્ષ સુધી જૂથને નેતૃત્વ પૂરું પાડ્યું છે. જ્યારે ટાટા જૂથમાં ૧૮ ટકાની હિસ્સેદારી



રાખનાર શપૂરજી પલોનજી પરિવારના સભ્ય મિસ્ત્રીની પસંદગી પાંચ સભ્યની પસંદગી સમિતિએ કરી હતી. રતન ટાટાના કાર્યકાળમાં જૂથની આવક અનેકગણી વધીને વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ ૧૦૦.૦૯ અબજ ડોલર (અંદાજે ૪,૭૫,૭૨૧ કરોડ રૂપિયા) થઈ ગઈ છે. જે ૧૯૯૨માં માત્ર ૧૦૦૦ કરોડ રૂપિયા જ હતી. રતન ટાટાના નેતૃત્વ હેઠળ ૯૦ના દાયકામાં આઈટી ક્ષેત્રમાં કંપનીએ પ્રવેશ કર્યો હતો. આજે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) દેશની સૌથી મોટી આઈટી કંપની છે. ટાટાના અનુગામી બનનાર મિસ્ત્રી જૂથની વિવિધ કંપનીઓના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં રવિન કાર્યકારી ભૂમિકા નિભાવી રહ્યા છે. ૪ જુલાઇ ૧૯૬૮ના રોજ જન્મેલ સાઈરશ પલોનજી મિસ્ત્રીએ લંડનની ઈમ્પીરીયલ કોલેજ ઓફ સાયન્સ, ટેકનોલોજી એન્ડ મેડીસીનમાં સ્નાતકની પદવી મેળવી છે. લંડન બિઝનેસ સ્કુલમાંથી મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. વર્ષ ૧૯૯૧માં શપૂરજી પલોનજી ગ્રુપમાં નિર્દેશક તરીકે સામેલ થનાર મિસ્ત્રીએ જૂથને નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે. આ જૂથમાં ૨૩૦૦૦થી વધુ કર્મચારી છે. તેની ઉપસ્થિતિ ભારત ઉપરાંત પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં છે.

## દિલ્હીમાં વધુ એક ગેંગરેપના બનાવથી ખળભળાટ ફેલાયો

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીમાં પેરામેડીકલની વિદ્યાર્થીની ઉપર અમાનવીય રીતે સામૂહિક બળાત્કારની આગ હજૂ કાબૂમાં આવી નથી ત્યારે દિલ્હીમાં વધુ એક ગેંગરેપનો બનાવ સપાટી ઉપર આવતા સનસનાટી મચી ગઈ છે. ૪૨ વર્ષીય એક મહિલા ઉપર ત્રણ શખ્સો દ્વારા સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે પોલીસે ગઈકાલે મોડી રાત્રે આ મામલામાં કેસ દાખલ કર્યો હતો. ભોગ બનેલી મહિલાની મેડીકલ ચકાસણી કરવામાં આવ્યા બાદ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જોકે ત્રણે આરોપીઓની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જયપુરની આ મહિલા છે. તે વૃંદાવનથી દિલ્હી તરફ જઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. આ આઘાતજનક બનાવની માહિતી એ વખતે સપાટી ઉપર આવી છે જ્યારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ગેંગરેપને લઈને હોબાળો મચેલો છે. ૨૩ વર્ષીય મેડીકલની વિદ્યાર્થીની જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે. હાલમાં સિંગાપુરની હોસ્પિટલમાં આ વિદ્યાર્થીનીને દાખલ કરવામાં આવી છે. નવા બનાવથી દિલ્હી હચમચી ઉઠ્યું છે. પોલીસે દાવો કર્યો છે કે આ મહિલા પર વૃંદાવનની આસપાસ બળાત્કાર થયો હોવાનું જાણવા મળ્યુ છે. ત્યારબાદ તેને દક્ષિણ પૂર્વ દિલ્હીના કાલકાજી વિસ્તારમાં છોડી દેવામાં આવી હતી. ભોગ બનેલી મહિલા ૨૨મી ડિસેમ્બરના દિવસે વૃંદાવન ગઈ હતી અને આ મહિલા પરત ફરી રહી હતી. આ મહિલાએ પુછપરછ વેળા જણાવ્યું છે કે ત્રણ શખ્સો દ્વારા તેના પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. તેની એમ્સમાં સારવાર કરવામાં આવી રહી છે.

## નવા વર્ષમાં સોનાની માંગમાં ઉલ્લેખનીય વધારો થઈ શકે

નવી દિલ્હી, તા.૨૭

જુલાઈ અને સપ્ટેમ્બરના ગાળા દરમિયાન જોરદાર દેખાવ બાદ ભારતમાં સોનાની માંગમાં ઉલ્લેખનીય વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. જાણકાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સોનાની કિંમત ૨૯,૦૦૦થી ૩૨,૦૦૦ની આસપાસ રહે તેવી શક્યતા છે. આવનાર દિવસોમાં વધુ સારી આર્થિક અપેક્ષાઓ દેખાઈ



રહી છે. બેંકો તરફથી પણ રેટમાં કાપની અપેક્ષા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં સોનાની માગ વધવાની શક્યતા દેખાઈ રહી છે. અમેરિકામાં પ્રવર્તમાન સ્થિતિ પણ સોનાની કિંમતમાં ભાવવધારો તરફ દોરે છે. પાટનગરમાં સોનાની કિંમત બુધવારે ૨૨૦ રૂપિયા ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ ૩૧૦૦૦ ઉપર પહોંચી હતી. મુંબઈમાં સોનાની કિંમતો ૩૦૭૦૦ બોલાઈ હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૩માં માર્કેટમાં માંગ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. રૂપિયામાં થઈ રહેલી ઊથલ પાથલની અસર પણ તેમાં જોવા મળી શકે છે. મોટાભાગની કેન્દ્રીય બેંકોમાં સોનાનો ભંડાર વધી રહ્યો છે. નિષ્ણાંતોનું કહેવું છે કે માંગમાં વધારાના લીધે વૈશ્વિક ઊથલ પાથલ થઈ શકે છે. ભારતમાં સોનાના ચાહકો હમેશા વધારે રહ્યા છે. સોનાની માંગ વધતા સોનામાં મૂડીરોકાણ પણ આગામી દિવસોમાં વધે તેવી સંભાવના દેખાઈ રહી છે. સોનામાં રોકાણ તરફ મૂડીરોકાણકારો વધ્યા છે. આના માટે ઘણા કારણો જવાબદાર છે. સોનામાં રિટર્ન વધુ મળે તેવી તેવી બાબત પણ સપાટી ઉપર ઊભરી આવી છે.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૫) પલક બી. પટેલ : સે-૨૭થી
પ્રશ્ન - મોન્ટુ ઘોષ કઈ રમત માટે ચેમ્પિયન બન્યા હતા?
જવાબ - ટેબલ ટેનિસ

### આ સપ્તાહનો સવાલ...?

**પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાએ કુલ કેટલી વાર વિધાનસભામાં બજેટ રજૂ કર્યું?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો :-

[illegible]

## નિકાસ ૪૦૦ અબજ ડૉલર સુધી પહોંચી શકે

નવી દિલ્હી, તા.૨૭

દેશના ઉદ્યોગસંગઠનો અને ભારતીય નિકાસકારોની સંસ્થા ફીયો દ્વારા નિકાસને પ્રોત્સાહન આપવાના તમામ પગલાનું સ્વાગત કર્યુ છે અને કહ્યુ છે કે આનાથી વર્તમાન વૈશ્વિક પડકારોને પહોંચી વળવામાં મદદ મળશે. ૨૦૧૩માં ઘણા પડકારો હોવા છતાં નિકાસને ૪૦૦ અબજ ડૉલરની સપાટી પર લઈ જવામાં મદદ મળશે. ફીયોના અધ્યક્ષ રફિક અહેમદે કહ્યુ છે કે અમેરિકા, યુરોપિયન યુનિયન અને એશિયન બજારોને થતી નિકાસમાં હાલ ઘટાડો થયો છે. પરંતુ નિકાસને વધારવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. દેશમાંથી ૮૦ ટકા નિકાસ આ જ દેશોમાં કરવામાં આવે છે. તેમણે કહ્યુ છે કે નિકાસના ખર્ચમાં ઘટાડો કરવામાં આવનાર છે. ફીક્કીએ પણ નિકાસ પ્રોત્સાહનને મહત્વપૂર્ણ ગણાવીને કહ્યુ છે કે બે ટકા વ્યાજ સબસિડીની સુવિધા માર્ચ ૨૦૧૪ સુધી વધારવાથી શ્રમ ક્ષેત્રો અને અન્ય સંબંધિત ક્ષેત્રોને ફાયદો થશે. એન્જિનિયરીંગ નિકાસ પરિષદ દ્વારા પણ વ્યાજ સહાયતા યોજનાને વધુ વિસ્તૃત બનાવવાનું સ્વાગત કરવામાં આવ્યું છે.

## હીટ એન્ડ રન કેસ : સલમાનને અંગત હાજરીથી આખરે મુક્તિ

નવી દિલ્હી,તા. ૨૭

વર્ષ ૨૦૦૨ના હીટ એન્ડ રન કેસમાં બોલિવુડના લોકપ્રિય અભિનેતા સલમાન ખાનને આજે મોટી રાહત મળી હતી. કોર્ટે સલમાનખાનને કોર્ટમાં ઉપસ્થિત થવા માટે મોટી રાહત આપી હતી. આમા સલમાનખાનને મુક્તિ આપી દેવામાં આવી છે. સલમાન ખાન આજે પોતાના વકીલ સાથે કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. પરંતુ કોર્ટે રજુઆત કરવામાં આવ્યા બાદ અંગત હાજરીમાંથી મુક્તિ આપી હતી. આ મામલામાં વધુ સુનાવણી હવે ૩૦મી જાન્યુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૨ના હીટ એન્ડ રન કેસમાં સલમાન ખાનને આરોપી બનાવવામાં આવ્યો હતો. સલમાનની ટોયોટા લેન્ડક્રુઝર ગાડી બાંદ્રા વિસ્તારમાં એક બેકરીમાં ઘૂસી ગઈ હતી. આ બનાવમાં એકનું મોત થુ હતુ અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. જે વ્યક્તિનું ઘટનામાં મોત થયુ હતુ તે વ્યક્તિ માર્ગ ઉપર ઉંઘી રહી હતી. સલમાન ખાન કોર્ટ કાર્યવાહીમાં જાણી જોઈને વિલંબ કરી રહ્યો છે.

ત્રીજી ડિસેમ્બરના દિવસે અરજી કરીને આક્ષેપ કરવામાં આવ્યા બાદ કોર્ટે સલમાન સામે સમન્સ જારી કર્યુ હતુ જેના ભાગરૂપે સલમાન પોતાના વકિલ દીપેશ મહેતાની સાથે કોર્ટમાં ઉપસ્થિત થયો હતો પરંતુ સલમાનને કામચલાઉ ધોરણે ૩૦મી સુધી રાહત મળી ગઈ છે. સલમાને અગાઉ પહેલાથી જ કહ્યુ હતુ કે કોર્ટમાં હાજર થશે. સલમાનને જન્મદિવસે આજે કોર્ટ તરફથી મોટી રાહત મળી હતી. સલમાનના વકિલ દીપેશ મહેતા એવા આધાર પર સલમાનને મુક્તિ આપવાની માંગણી કરવા હાજર રહ્યા હતા કે મુંબઈ હાઈકોર્ટે ૧૦મી જુન ૨૦૦૫ના દિવસે તેના આદેશમાં અંગત હાજરીમાંથી સલમાનને મુક્તિ આપી છે.

મેરિટના આધાર પર આ મુક્તિ અપાઈ હતી. મહેતાએ એવી દલીલ કરી હતી કે સલમાન ખાન અતિ લોકપ્રિય અભિનેતા છે જેથી લોકોને અંકુશમાં લેવા માટે વધારના પોલીસ જવાનોની ગોઠવણીની પોલીસને જરૂર પડશે. જેથી કોર્ટમાં અંગત હાજરીમાંથી જો સલમાનને મુક્તિ આપવામાં આવશે તો રાહત થશે. એડિશનલ ચીફ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા સલમાન સામે સમન્સ જારી કરાયુ હતુ.

## સમાચાર ઝલક

- શિયાળામાં આદુનો ઉપયોગ સર્વશ્રેષ્ઠ મોટાભાગની બિમારીઓને અટકાવે.
- ૭ ફૂટ ૧ ઇંચ જેટલી ઊંચાઇ ધરાવતો ઇરફાન વિશ્વનો સૌથી ઊંચો ક્રિકેટર.
- તામિલનાડુમાં સ્વ. શ્રી રાજીવ ગાંધીની વિધવા બની મરણ દાખલો મેળવ્યો.
- ૭૫% ટકા રાહતવાળી ૧૦૦ હોસ્પિટલો ખુલશે, સસ્તી હૃદયરોગની સારવાર મળશે.
- કચ્છના પાતાળમાં પોટાશના અખૂટ ભંડારો હોવાની શક્યતા.
- ૧ કલાકનાં રોકાણ માટે રાષ્ટ્રપતિના રૂમમાં રૂા. ૩૭ લાખનો ખર્ચ કરાયો.
- ભારતમાં ૨૫% બાળકો ભૂખ્યાં સૂવે છે : એક સર્વેનું તારણ.
- અમદાવાદના એરપોર્ટ પર તમિલનાડુનાં મુખ્યમંત્રી જયલલિતાના સમર્થકોએ આરતી ઉતારી.
- તા.૧૧મી જાન્યુઆરીએ અમિતાભ બચ્ચન - નરેન્દ્રભાઇ મોદીની હાજરીમાં માંડવી બીચ પર પતંગોત્સવ.
- હવે અન્ય બેંકમાંથી તમારા ખાતામાં પૈસા જમા કરાવી શકશો.
- કે.વાય.સી. નહિ ભરનાર ગેસધારકને કંપની સિલીન્ડર પરની સબસીડી નહિ આપે.
- પી.સી.ઓ.માંથી ફોન કરવો હોય તો ઓળખકાર્ડ બતાવવું પડશે.
- પાકિસ્તાનના રાજકારણમાં બિલાવલ ભૂટ્ટોનો સત્તાવાર પ્રવેશ.
- અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીનું મોજું, નલિયા ઠંડુગાર.
- ઠેબી નદીના પટમાં ૧૨ બળદોની કતલ કરી ફેંકી દીધા.
- ગેંગ રેપનો ભોગ બનેલી યુવતીને ઓરગન ટ્રાન્સપ્લાન્ટ માટે સિંગાપુર ખસેડાઇ.
- મોરબી નગરપાલિકામાં ગંદકીના પ્રશ્ને કર્મચારી-વેપારીઓ વચ્ચે મારામારી.

### કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

'જી નહી સા'બ, છોટે થે - નયે થે તબ જો ભી ફેંકો વો ખા લેતે થે... ઘાસ કે ટુકડે ભીં... લેકિન અબ યે બડે હો હો ગયે હૈ ઔર અબ તો સરકારી હૈ, મંત્રીજી કે ભી હૈ... હડ્ડીદાર ગોશ્ત કે અલાવા કુછ નહી ખાતે...'

મુજે લગા કુત્તે, હડ્ડી, ગોશ્ત ઔર મંત્રી કે અલાવા ઉસ ચપરાસી કી ડિકશનરી મે કોઈ ઔર શબ્દ હી નહી, ફિર ભી કમ સે કમ કુત્તો સે બાત પલટને કી કોશિશ કરતે હુએ પૂછના શુરૂ કિયા...

'...ઔર મંત્રીજી'

ઔર ઉનસે વહી સે કાટકર અપની બાત સીધી જોડ દી, 'હા... હા... બડે દયાલુ હૈ હમારે મંત્રીજી, ઈન કુત્તો કા ખાના અલગ નહી બનતા, ખુદ જો ખાતે હૈ, ઉસી થાલી મેં સે ઈન્કો ભી ખિલા દેતે હૈ... સચ મે હી બડે દયાલુ હૈ હમારે મંત્રીજી.'

'ઠીક હૈ, મૈંને સુના હૈ બડે હી વ્યસ્ત રહતે હૈ આપકે મંત્રીજી? અપને કુત્તો કે લિયે વક્ત નિકાલ લેતે હૈ કયાં?'

'હા... હા... કયો નહીં? વૈસે બડે હી ભાવુક હૈ વે, ઈનતા પ્યાર હૈ ઉન્હે કે કહી ભી હો, દિન મેં મુજ પર ચાર ફોન આતે હૈ, ઉનકા હાલ જાનને કે લિએ, પૂછતે રહતે હૈ, કયા કર રહે હૈ, ઉનકે પ્યારે કુત્તે? ઔર મેં ભી પલ પલ કા બ્યૌરા દે દેતા હૂ, ખુશ હોકર કભી મંત્રીજી કી કૃપા મુજ પર ભી બરસ પડતી હૈ...'

...આપ સમજ રહે હૈ ના સા'બ.

'...તો કયા યે વફાદાર કુત્તે હૈ?'

'અરે, વફાદાર ઈતને કી પૂછીએ હી મત...' ઔર મંત્રીજી કો પ્યાર ભી ઈતના હી કરતે હૈ... જબ કભી ભી કિસી યાત્રા યા મિટીંગ સે મંત્રીજી લૌટતે હૈ તબ ઉનકે પૈર ચાટ કર ઈતને સાફ કર દેતે હૈ કિ સંગેમરમર ભી ફિકા લગે...

'અચ્છે - બઢિયા કુત્તે મિલે હૈ આપકે મંત્રીજી કો...' ઔર વોં એસૈ ખુશ હો ગયા...જૈસે કોઈ સ્કૂલી બચ્ચાં ઈનામ પાને પર હોતા હૈ ઔર કહને લગા, 'ઑપોઝિશન વાલેં મિશ્રાજી કો પર્સો ઈન્હો ને હી કાટા થા, બિચારે અભી ભી અસ્પતાલ મેં પડે હૈ...'

યે બાત સુનકર મેં ચૌક પડાં,' અચ્છા તો યે કાટતે ભી હૈ...!!?'

'હાં... વૈસે હર સરકારી કુત્તા ઑપોઝિશન કો હી કાટતા હૈ... પર ઈન કુત્તો કી બાત કો કુછ ઔર હૈ.'

અબ મેરા ધ્યાન ઉન કુત્તો કે નુકીલે દાતો કી ઑર ચલા ગયા, કુત્તે મેરે સામને થે... ઘુર રહે થે મુજે. મેરે થોડે પસીને છૂટે, થોડા ડર ગયા ઔર પૂછ લિયા ઉસ ચપરાસી સે જો કુત્તો કી ઔર કિસી અનજાન ભક્તિભાવ કે દેખ રહા થા.

'યે ઘુર કયોં રહે હૈ?'

'ડરો મત સા'બ, આપ યહાં પહલી બાર આયે હોના તો તય નહીં કર પા રહે હૈ કી કરના કયા હૈ? ઔર આપને અપની કોઈ પહચાન ભી નહીં દી... ઔર...' વૉ બોલતે બોલતે અટક ગયા.

'ઔર કયા?' મેં ચૌક પડા.

'ભૂખે હૈ ના સા'બ, મંત્રીજી ભી નહીં હૈ, કુત્તો કો લગ રહા હૈ મંત્રીજી ને આપકો ભેજા હૈ.... ખિલાને કે લિએ...' ચપરાસી કી આવાઝ મેં અબ એક ગહરાઈ આ રહી થી, 'આપ સમજ રહે હૈ ના...'

મૈં ડર ગયા, કુત્તો કી ઘુર્રાહટ બઢ રહી થી, મુજે પતા ન ચલા કી કયા કરૂં? કયા પ્રતિક્રિયા હૂં? ઉતને મેં હી ચપરાસીને પૂછ લિયા...

'ખાના લાયે હો ના સા'બ?'

ઔર શાયદ મેરી જવાબો કી જેબ ખાલી હો ચૂકી થી...

ઔર અબ

કુત્તો કી ચૈઈન ખુલ ગઈ...

(સમાપ્ત)

- ch9723367947@yahoo.com